મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૬ ટકા

ગાંધીનગર તાપમાન

સાંપ્રત સમયમાં મહિલાઓનો રોલ

આજે વુમન્સ ડે નિમિત્તે શહેરની મહિલાઓનો આજના સમયમાં પોતાના માન અને સન્માનને જાળવી અને આગળ પગલા ભરવા અંગેનો મત

ગાંધીનગર, તા.૭

આજે વર્લ્ડ વુમન્સ ડે મહિલાઓનો દિવસ. દેશ મહિલાઓનું દરેક ક્ષેત્રમાં આજે યોગદાન મળી રહ્યું છે. આ દિવસ એઠલે મહિલાઓની આ તમામ સિધ્ધીઓનીપ્રશંસા કરતો દિવસ. એક મહિલા ધારે તો સું ન કરી શકે? એ જો અવકાસમાં જવાનુંહોય, સરકારી તંત્ર વચચ્ચે કામ કરવાનુંહોય, બાળકને જન્મ આપવાનો હોયકે પુરુ ઘર સંભાલવું હોય આજે તો દેશની રક્ષા કરવામાંપણ સ્ત્રીઓનો મોટો પાળો છે.

આજે સ્ત્રીઓ આટઆટલી આગળ વધી હોવા છતાં ઘરમાં કે આસપાસમાં ઘણી તકલીફ વેઠી રહી છે. દિવસે દિવસેબળાત્કાર કે સષણના કેસવધી રહ્યા છે. સ્ત્રી તેનું અસ્તિત્વ જાલવાવ મથી રહી છે. આવનારા દિવસોમાં મહિલાઓએ પોતાનું માન-સન્માન જાલવી આગળ વધવુંઅનેતે માટે કયા પગલાં ભરવા તે અંગે શહેરની વિવિધ ઢેત્રની અગ્રણી મહિલાઓના મત આજે જાણીએ.

● આજની મહિલાએ બહિર્મુખી પ્રતિભા વિકસાવવી. તમામ ક્ષેત્રોમાં

આધિપત્ય સ્થાપ્યુ છે તે ખૂબ જ આવકારદાયક છે. પરંતુ સ્ત્રીએઉંબરા પરના દિપક સમાન હોઈ સમાજની ધરી છે તે મધ્ય નજરે રાખી ગૌરવપૂર્ણ અને ગરિમાસભર જીવન વ્યવસ્થા ગોઠવવામાં અનન્ય યોગદાન આપવું જ રહ્યું. મહિલાને અબળા કહેનારાઓને એ કહેવું રહ્યું અબળા એટલે 'અ-બળા' અર્થાત જેનું બળ માપી ન શકાય તેવી સ્ત્રી. ગેંગરેપની ઘટનાઓ એકની શાહી સૂકાય નહીં ત્યાં જ બીજી ઘટના ઘટે છે ત્યારે દીકરીને કરાટે-કુમ્ફુની તાલીમ આપવી આવશ્યક છે. ખૂબ ભણાવી ઉચ્ચતર કારકિર્દી ઘડાવી આજની માતાએ દિકરીને સંવેદના અને લજ્જા એ સ્ત્રીનું આભૂષણ છે. તેવો સંસ્કાર આપવાની પણ જરૂર છે અને સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવી પણ આજે જરુરી બની છે.

- ડો. ચેતના બૂચ

● 'જે કર ઝુલાવે પારણું તે જગ પર સાશન કરે' પરિવર્તન કુદરતનો નિયમ છે ને જરૂર મુજબનો બદલાવ લાવવામાં મહિલા ખૂબ જ અનુકુળ થઈને રહે છે. હાલની સ્થિત ફોરજી અપડેટીંગથી ફાઈવજી પર છે. મંગળ પરનો પ્રયાસ પણ સ્ત્રીથી થયો છે. પોતાના બાળકોને માટે સ્ત્રી અપડેટ થઈ રહી છે નવી પેઢી માટે સક્ષમ બની છે. એક સ્ત્રી શિક્ષિત પૂરતું જ નથી નવી દિશામાં આગળ વધી છે. જેમ કે દિકરીમાંથી પત્ની, પત્નીમાંથી મા અને સાસુ અને પછી દાદી તે તેના પાત્રોને બદલી પોતાના અને તેના કુટુંબ માટે સારા કાર્યો કરી શકે છે.

- કાજલ ત્રિવેદી

● 'ઘર કા અભિમાન હૈ,
તુજસે હી જન્મા
તુજસે હી ઉપજા
હર કીસી કા નામ હૈ
નારી તું મહાન હૈ, નારી તું મહાન હૈ'

સહનશકિતનો પર્યાય એટલે સ્ત્રી. પ્રાચીન યુગમાં પણ નારી અબળા નહતી, રૂઢિવાદી ન હતી અને આજની ૨૧મી સદીમાં પણ નારી ગૌરવ અને અભિમાનનું પ્રતિક બની રહી છે. આજે સ્ત્રીએ પોતાનું નામ અગ્રેસર કર્યું છે. તે પુરુષ સમોવડી બની છે. વર્તમાન સમયમાં સરકાર પણ મહિલાઓની ઉન્નતી માટે અગ્રેસર છે. હવે આપણી સ્ત્રીઓની જવાબદારી છે કે ચાર દિવાલની બહાર

કરીને પ્રગતિ કરવાનું સાહસ કરવું જોઈએ. આ સ્ત્રી શકિતના પર્વ નિમિત્તે દરેક બહેનોએ એકબીજાને સાથ અને સહકાર આપીને પ્રગતિના સોપાન પાર પાડે તેવી મારી શુભેચ્છા.

- પ્રજ્ઞાબેન ગજ્જર

● આ પરિવર્તનના દોરમાં સ્ત્રી થોડી મુંઝાયેલી દેખાય છે. વસ્ત્રોની પસંદગીમાં, વાતચીતમાં, ભાષાના પ્રયોગમાં, ટેકનોલોજીના ઉપયોગમાં એને નીકળીને ગમતા ક્ષેત્રમાં આપણું યોગદાન આપીએ. દરેક સ્ત્રીએ પોતાનું મહત્વ સમજીને જીવનના તમામ તબક્કાઓ સફળતાપૂર્વક પાર

અને સ્વચ્છ રહીએ. બિન જરૂરી કલેશ કે વિવાદમાં પડયા વિના એક સ્વયં આધારિત વ્યકિત બનીએ.

- મમતા રાવલ

● આજના સમયમાં યુવતીઓ કે મહિલાઓ સાથે જે ગેરવર્તન થાય છે એમાં લઘુતાગ્રંથિનો અનુભવ થાય છે. આ સંદર્ભે કહું તો બાહ્ય કરતા આંતરિક સુંદરતા અને સજ્જતા પ્રત્યે વધુ ધ્યાન આપવાની જરૂર છે. સારું વાંચીએ, વિચારીએ, નવું શીખીએ ફેશન કરતા મહત્વનું છે કે જાતને સંભાળીએ સ્વસ્થ સ્ત્રીઓ આ તમામ વર્તન સામે લડવા સક્ષમ હોવી જોઈએ પરંતુ એક સ્ત્રી અને માતા તરીકે મને એવું લાગે છે કે દરેક માતાએ પોતાના દીકરાઓને પણ સ્ત્રીઓનું માન કરવા માટે

નાનપણથી જ શીખવવું જોઈએ. ઘરમાં જો દિકરી-દીકરો બંને હોય તો બંનેને એક સમાન મહત્વ મળવું જોઈએ. કોઈ પણ પુરુષમાં સ્ત્રી પ્રત્યેનો અભિગમ નાનપણથી જ બંધાય છે માટે માતાએ દિકરાના ઉછેરમાં સ્ત્રી બાબત તેને ગરીમો શીખવવો અને આ બાબતનું ધ્યાન આપવું મારા મતે મહત્વનું છે.

- ગાર્ગી પરાસરી ઠક્કર

● નારી તું નારાયણી મા દુર્ગાનું સ્વરૂપ. આજના યુગમાં સ્ત્રીએ અબળા નહી પણ પુરુષ સમોવડી બનીને જીવી રહી છે. આપણા ધર્મગ્રંથોમાં પણ આજ

કહ્યું છે કે જયારે દેવોને દાનવો સામે પરાજયનો ભય અનુભાયો ત્યારે તેમણે દૈવી શકિતનો સહારો લીધો છે અને ત્યારે દૈવીશકિતએ દેવોના રક્ષણની જવાબદારી લીધી હતી. જો સ્ત્રી પુરુષ સાથે ખભે ખભે મિલાવીને કામ ન કરતી હોય તો તેના કુટુંબથી લઈ દેશના વિકાસમાં અવરોધ આવી શકે, કુટુંબથી લઈ દેશ સુધીના વિકાસ માટે સ્ત્રીએ સશકત બનવું જ પડે.

- દક્ષાબેન જાદવ

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

બાગી-૩
૮.૩૫, ૧૦.૦૫, ૧૧.૦૦, ૧૧.૪૫, ૧.૧૫, ૨.૧૦, ૨.૫૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૦૫, ૭.૩૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫

થપ્પડ
૪.૩૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૨.૨૦, ૫.૨૫, ૭.૩૦, ૧૦.૩૦

શુભ મંગલ ઝયાદા સાવધાન
૧૦.૧૫

ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ
૧૧.૦૫

મલંગ
૧.૪૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

બાગી-૩
૯.૦૫, ૯.૩૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૫૫, ૨.૫૫, ૩.૫૫, ૫.૦૫, ૬.૦૫, ૭.૦૫, ૮.૧૫, ૯.૧૫, ૯.૪૫, ૧૦.૧૫

થપ્પડ
૬.૩૫

ગોળ કેરી (ગુજરાતી)
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

તાન્હાજી
૩.૧૫

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

બાગી-૩
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫

શુભ મંગલ ઝયાદા સાવધાન
૧.૧૫

થપ્પડ
૬.૪૫

સિટી પલ્સ, કુડાસણ

બાઘી
૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦

થપ્પડ
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ગોળ કેરી (ગુજરાતી)
૧૨.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

શુભ મંગલ ઝયાદા સાવધાન
૫.૧૫

ચાલ જીવી લઈએ (ગુજરાતી)
૬.૪૫

વિશ્વ મહિલા દિન અને ધૂળેટી નિમિત્તે ખાસ મહિલા માટે ઓપન માઈક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

વિશ્વ મહિલા દિવસ અને ધૂળેટી નિમિત્તે ખાસ મહિલાઓ માટે રા ગ્રુપ દ્વારા ઓપન માઈક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. સુમન સિટી ખાતે રવિવારે સાંજે યોજાનાર આ કાર્યક્રમમાં યુવાનોને ઓપન માઈક દ્વારા ગીત, સંગીત, મિમિક્રી જેવા અનેક કાર્યક્રમોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. રા ગ્રુપના ચેરમેન હાર્દિકસિંહ ચુડાસમા આ સુંદર કાર્યક્રમનું આયોજન કરી રહ્યા છે. સૌ યુવાનોને આ નિઃશુલ્ક કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રણ છે.

ગાંધીનગર શહેર પેન્શનર સમાજના પ્રમુખપદે એસ.ડી.આર. મલિક

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર પેન્શનર સમાજની કારોબારી સભા સંસ્થાની સેકટર-૨૨ની ઓફીસે મળી હતી. આ બેઠકમાં ગાંધીનગર શહેર પેન્શનર સમાજના હાલના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિએ સ્વૈચ્છિક રાજીનામું આપતા તેઓની જગ્યાએ સર્વાનુમતે એસ.ડી.આર. મલિકની પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

શહેરમાં રંગ મેઘધનુષી કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૭

આજે ગુજરાત સંગીત નાટય અકાદમી જગદીપ વિરાણી ફાઉન્ડેશન તથા સંસ્કૃતિ સંસ્થાના સક્રિય સહયોગથી રંગ મેઘધનુષી કાર્યક્રમ સાંજે ૪.૩૦ વાગ્યે સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાશે. જેમાં સ્વ. જગદીપ વીરાણી રચિત અને સ્વરાંકિત ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત અને કવિ વિનોદ જોષી દ્વારા સંદાપિત જગદીપ વીરાણીની સમગ્ર કવિતા પુસ્તકનું વિમચોન જય વસાવડા દ્વારા કરવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર બેચરજી ભુલાજી, ઉ.વ. ૬૭
- સ્વ. શકરીબેન ગલબાજી ઠાકોર, ઉ.વ. ૭૨
- સ્વ. પટેલ ડાહ્યાભાઈ હાથીદાસ, ઉ.વ. ૮૪

સે-૨૫ જીઆઈડીસી ખાતે ફરીવાર ઢોર ડબ્બાના કર્મચારીઓ પર હુમલો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટી પર ફરીવાર હુમલાની ઘટના બની છે. સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં ત્રણ અજાણ્યા શખ્સો તંત્રએ પકડેલી ૬ ગાય છોડાવી ગયા હતા. તે ઉપરાંત કર્મચારીઓને અપશબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી એક કર્મચારીને લાકડી વડે ઈજા પહોંચાડતા મનપામાં કરાર આધારીત ફરજ બજાવતા પશુધન નિરિક્ષકે આ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીવાર તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પાર્થ બાબુભાઈ પટેલ (ઉં.વ.૨૨ રહે.છાલા કાનપુર અર્બુદા સોસાયટી) પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. જયારે પશુધન નિરીક્ષક તરીકે ગાંધીનગર મનપામાં અઢી વર્ષથી કરાર આધારીત નોકરી કરે છે. ગતરોજ બપોરના ૨ વાગ્યાના સુમારે સેકટર-૩૦સીએનસીડી સેન્ટરથી ઢોર પકડ પાર્ટીના અન્ય કર્મચારીઓ સાથે વિવિધ વિસ્તારમાં રખડતા ઢોર પકડવા માટે ગયા હતા. જયારે સાંજના ૪ વાગ્યાના અરસામાં સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં જતા જ એક સાથે રખડતી ૬ ગાયો મળી આવી હતી.પાંજરાવાળુ ટ્રેકટર પાછળ આવતુ હોવાથી ગાયો વૃક્ષની નીચે બાંધી હતી. તે સમયે ગાયોના માલિક પંકજભાઈ કરમસીભાઈ રબારી (રહે.ગોકુલપુરા) આવી પહોંચ્યા હતા અને ઝાડ સાથે દોરડા વડે બાંધેલી ગાયના દોરડા કાંપીને ગાયો લઈને ફરાર થઈ ગયા હતા. ત્રણ દિવસ પહેલા પણ ઢોર ડબ્બામાંથી ગાયો છોડાવીને ભાગી ગયા હતા. ત્યારે ઢોર પકડી પાર્ટીમાં સાથે રહેલા કર્મચારી સંદિપભાઈએ પીછો કરી રોકવા જતા તેઓને અપશબ્દો બોલીને લાકડી વડે માર મારવામાં આવતા તેમના પગે ઈજા પહોંચી છે. જયારે જીઆઈડીસીમાંથી ગાયોને લઈ જતી વખતે પણ આજ પછી આવ્યા તો જીવતા નહી રહો તેવી ધમકીઓ આપી હતી. ત્યારે મનપાના કરાર આધારીત પાર્થ પટેલ (પશુધન નિરિક્ષક) ની ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

વિશ્વ મહિલા દિન નિમિત્તે જયોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૭

શહેરમાં વર્ષ ૧૯૭૦ થી કાર્યરત સંસ્થા જયોતિ મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી નિમિત્તે વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાશે.

વિશ્વ મહિલા દિનની જવણીની શરૂઆત સે-૧૯ સ્થિત એઈડસગ્રસ્ત બાળકોને જીવન જરુરી ચીજવસ્તુઓ વિપુલ પ્રમાણમાં પુરું પાડવામાં આવશે. આ ઉપરાંત માતાઓનું વિશાળ સંમેલન યોજીને મોબાઈલ નિયંત્રણ ઉપયોગીતા, રસોડા વિજ્ઞાન દ્વારા બાળકોની રોગ પ્રતિકારક શકિત વર્ધન 'વાંચે માતા' આ વિષયો પર એક હજારથી વધુ માતાઓ સાથે પરિસંવાદ યોજાશે. આ ઉપરાંત વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગ રૂપે આવનારા દિવસોમાં સંસ્થા દ્વારા કાનૂની શિક્ષણ શિબિર તેમજ એક યુવતી એક વૃધ્ધને ધાર્મિક પ્રવાસ કરી સાંપ્રત સમયમાં સમાજમાં વૃધ્ધાશ્રમમાં મા-બાપને ધકેલી દેવાના કેસમાં રોક લાવવાનો પ્રયત્ન કરશે. નગરસ્થિત મહિલાઓની કલાને ઉત્તેજન મળે તે હેતુથી ૧૫૦થી વધુ બહેનોના ગૃહ ઉદ્યોગના સ્ટોલ કરીને તેમની આર્થિક સધ્ધરતા લાવવાના પ્રયત્નો કરવામાં આવશે. સમગ્ર સમાહ દરમિયાન નગરની બહેનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ચેતનાબેન બુચ દ્વારા જણાવાયું છે.

આજે હાજીપુર ગામે મેગા નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૭

જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા આયુર્વેદ-હોમિયોપેથીના પ્રચાર પ્રસાર હેતુથી કલોલ તાલુકાના હાજીપુર ખાતે તા. ૮મી માર્ચ રવિવારના રોજ મેગા નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરેલ છે.

આયુર્વેદ એ વિશ્વનું પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે. આયુર્વેદ શાસ્ત્રના આઠ અંગો છે. જેમાં શરીરના રોગો, બાળકોના રોગો, મંત્રચિકિત્સા, વૃધ્ધો માટે રસાયણ ચિકિત્સા, વાજીકરણ ચિકિત્સા, ગ્રહદોષની ચિકિત્સા આ બધી વિદ્યાઓ વિકસિત હતી. આયુર્વેદ એ નિર્દોષ સચોટ સારવાર પધ્ધતિ છે. અત્યારના સમયમાં ફકત ઉકાળા રોગોનો અકસીર ઈલાજ છે જે પ્રતિકારશકિત વધારે છે. અગ્નિકર્મ, જાલબંધ બંધથી હલતા દાંત પાડવા જેવી પદ્ધતિઓ પણ ખૂબ જ સરળ, અકસીર અને લાભકારક છે. આમ આયુર્વેદ-હોમિયોપેથીના વધુ પ્રચાર પ્રસાર માટે કેમ્પનો લાભ લેવા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીએ જણાવેલ છે.

રામેશ્વર મંદિરમાં મહિલાદિન નિમિત્તે આનંદનો ગરબો

મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩-સીના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો મહિલા દિનની ઉજવણી નિમિત્તે ભાવનાબેન એલ. પંડયા તરફથી ૮મી માર્ચના રોજ બપોરે ૨થી ૫ કલાક દરમિયાન યોજાશે તેમ મહિલા પ્રમુખ પ્રફુલ્લાબેન તરફથી જણાવવામાં આવેલ છે.

જન ઔષધી દિન નિમિતે પ્રધાનમંત્રીનો કાર્યક્રમ નિહાળતા નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગર શહેરના સેકટર-૬ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે વેપારી સુભાષ પટેલની દુકાનમાં આજરોજ જન ઔષધી દિન નિમિતે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું જીવંત પ્રસારણ રાજયના ડે.સીએમ નિતિન પટેલ અને પ્રદેશ સંગઠનમંત્રી ભીખુભાઈ દલસાણીયા, મનપાના મેયર રીટાબેન પટેલ, મહાનગર ભાજપ પ્રમુખ મહેન્દ્ર પટેલ સહિત ભાજપના સૌ કાર્યકરોએ ઉપસ્થિત રહીને નિહાળ્યું હતું. આ પ્રસંગે ખાસ આરોગ્યના અગ્ર સચિવ જયંતિ રવિ તથા અન્ય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

ઉદ્‌ગમ દ્વારા 'ઉષા પર્વ' અંતર્ગત વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓનું સન્માન

ગાંધીનગર, તા.૭

મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે સતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દસ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદગમ વુમન્સ એચીવર એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે સતત અગિયારમાં વર્ષે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટએ ઉદગમ ટ્રસ્ટી ઉષાબેન ધ્રુવકુમાર જોશીની સ્મૃતિમાં બે દિવસીય 'ઉષા પર્વ' નું આયોજન તા.૬ અને ૦૭ માર્ચ ૨૦૧૯ ના રોજ અમદાવાદ અને ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

'ઉષા પર્વ' અંતર્ગત પ્રથમ દિવસે તા.૬ માર્ચ ૨૦૨૦ના રોજ અગિયારમા ઉદગમ વુમન્સ એચીવર એવોર્ડમાં ઉદગમ ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ડો. મયુર જોશીએ સ્વાગત પ્રવચન આપી સંસ્થાના કાર્યોની અને ઉદગમ વુમન્સ એચીવર એવોર્ડના પ્રક્રિયાની માહિતી આપી હતી.

અગિયારમા ઉદગમ વુમન્સ એચીવર એવોર્ડમાં ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના પ્રમુખ શ્રી રુત્વીજ પટેલ, બ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનર શ્રી પીટર કૂકઃ પી.સી. સ્નેહલના એમ.ડી.શ્રી ચિરંજીવ પટેલ, હાર્ટ ફાઉન્ડેશનના ચેરમેન ડો. નીતિન સુમંત શાહ, સાથે ઉદગમના ટ્રસ્ટી ધ્રુવભાઈ જોશી અને ઉદગમ વુમન્સ વિંગના મેન્ટર આશાબેન સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ભારતમાંથી આવેલ નોમીનેશનમાંથી જયુરી દ્વારા પસંદગી પામેલા ૩૦ નારીઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. જેમાં શ્રીમતી ઉષાબેન ધ્રુવભાઈ જોશી લાઈફટાઈમ એચીવમેન્ટ વિદુલાબેન મહેન્દ્રભાઈ પટેલ અને શ્રીમતી ઉષાબેન ધ્રુવભાઈ જોશી સ્પેશ્યલ એચીવમેન્ટ કલ્પના પાલખીવાલા, ડો.પારુલ પટેલ, સામાજિક સેવાના ક્ષેત્રે હેતલબેન અમીન,હિરલબા ભુરાભાઈ જાડેજા, વૈશાલી શાહ(આફ્રિકા) શ્વેતા રાય તલવાર, ચંદા ચરણસિંહ યાદવ, ત્રિવેણી આચાર્ય, મહારાષ્ટ્ર, શ્રીમતી કીર્તિદાબેન શાહને લાઈફટાઈમ એચીવમેન્ટ, શિક્ષણમાં કલ્પના સતીજા, પ્રો. ડો. યોગિની હિમાંશુ વ્યાસ, કાર્પોરેટ ડો મોના નારગોલવાળા, કલા અને સંસ્કતિમાં હેતલ નંદન મહેતા, ભક્તિ કુબાવત, એશ્વર્યા ચારુદત્ત સાને, રીના કક્કર, વિદુશી જ્યોતિ હેગડે, ઉદ્યોગ સાહસિકતા સંજના રાજીવ ઉદનાની, નિવેદિતા ઘોષ(પં. બંગાળ) અદિતિ પારેખ, સાહિત્યમાં તુલસી વકિલ, રમત-ગમત- શાહ નિમિષા, સૌમ્યા મનોજકુમાર જોશી પર્યાવરણ-રચના નાકરા, પત્રકારત્વમાં-મિત્રલ પટેલ જર્નાલિઝમ સાહિત્ય ચરણપ્રીત પાઠક હર્દિ લુહાર વાસ્તુ અને હીલિંગ તથા આરોગ્યમાં ડો. પ્રતિભા જયંત આઠવલે ડી.આર. નીતા કાંતિલાલ શેખાત, અને યંગ અચીવર તરીકે સ્મૃતિ મિરાની જેવી વિવિધ ક્ષેત્રમાં નોંધનીય કામગીરી કરનાર નારીઓને એવોર્ડથી નવજાવામાં આવ્યા હતા.

રમા મુન્દ્રાએ આભારવિધિ સાથે ઉદગમ વુમન્સ એચીવર એવોર્ડ માટે નોમિનેશનમાંથી એવોર્ડી પસંદગી પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી આપી હતી.

@ગાંધીનગર

● સંસ્કાર ગ્રુપ દ્વારા બાળકોને હોળી ધૂળેટીનો મહિમા સમજાવવામાં આવશે. કેસૂડો, ગુલાબ, ચંદન, કંકુ, ગુલાલ અને જુદી જુદી વનસ્પતિના ફૂલોની હોળી રમાડી, સમૂહ ઉજાણી કરી બાળકોને ધાણી, ખજૂર, હાયડા આપવામાં આવશે.

● દીક્ષા કીડસ સ્કૂલ અને દીવા દ્વારા આજે જન્મ લેનાર દીકરીઓને ગીફટ આપવામાં આવશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૭-બી ખાતે નિઃશુલ્ક ડાયાબીટીસ કેમ્પ તથા ફિઝીયોથેરાપી નિદાન કેમ્પ યોજાશે.

● અટલબીઈંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહિલાઓ માટે ફ્રી રાયફલ શુટીંગ તાલીમ યોજાશે.

● ગુજરાત સ્ટેટ યોગા બોર્ડ સંચાલિત યોગ ટીચર્સ ટ્રેનિંગ શિબિર તથા પતંજલિ યોગ દ્વારા સવારે ૬ થી ૮ દરમિયાન ઘ-૪ સર્કલ સામે સ્વર્ણિમ પાર્ક ખાતે નિઃશુલ્ક યોગા શિબિર યોજાશે.

● લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મહિલા સશકિતકરણના ભાગરૂપે સે-૨૦ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૮ વાગ્યાથી ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાશે.